
શ્રી દોતોરસો પરગણા રોહિત (ચમાર) જ્ઞાતિનું સુધારેલ

# બંધારણ

સુધાર્યા તારીખ સંવત ૨૦૬૮ માગસર સુદ - ૧૦ને
રવિવાર તા. ૪-૧૨-૨૦૧૧ થી અમલવારી

પ્રભુજી તુમચંદન હમપાની,
જાકી અંગ અંગ બાસ સમાની







''પુજ્ય સંત શિરોમણી શ્રી રોહિદાસજી''

**શ્રી ૧૧**

**''પરમ પૂજ્ય સંત શિરોમણી, શ્રી રોહિદાસજીની જય''**

**શ્રી દોતોરસો રોહિત પરગણાની વાડીના મકાનમાં દોતોરસો રોહિત (ચમાર) ભાઈઓએ મળી મંજુર કરેલ જ્ઞાતિનું**

# બંધારણ

સંવત ૨૦૬૮ ના માગસર સુદી - ૧૦ (દશમ) ને રવિવાર તા. ૪-૧૨-૨૦૧૧ ના રોજ દોતોરસો રોહિત પરગણાના (ચમાર) ભાઈઓનું પંચ મળી પ્રવર્તમાન ઠરાવો પૈકી કેટલાક અગત્યના ઠરાવો સહિત, સમાજની આર્થિક તેમજ સામાજિક પરિસ્થિતિને ધ્યાને રાખી અનેક વખત ચર્ચા વિચારણા કરી પુન્ન વિચારણા બાદ સમાજના ઉત્કર્ષને ધ્યાને લઈ, સર્વાનુમતે સમસ્ત દોતોરસો રોહિત જ્ઞાતિ પંચ નીચે પ્રમાણેના ઠરાવો મંજુર કર્યા છે.

## ● ઠરાવ નં. (૧) સગાઈ બાબત....

(૧) સગપણ કરતાં પહેલાં કન્યા પક્ષ તથા વરપક્ષે અરસ - પરસ પસંદગી માટે વધુમાં વધુ પંદર માણસોએ જવું, કોઈપણ જાતનો નાણાંકીય વ્યવહાર કે લેવડ - દેવડ કરવી કે કરાવવાની રહેશે નહિં.

(૨) સગાઈ વખતે કન્યા પક્ષ તરફથી મેળામણીયા ઉપરાંત પંદર માણસો જઈ શકશે બપોરે એક ટંકનું જમણ આપી શકશે. જમણમાં કંસાર, ખીચડી વિગેરે આપવાનું રહેશે.

(૩) સગાઈમાં સગપણનો રૂા. ૧/- તથા બે ટકા અને કાછલી ઉપર રૂા. ૧૦૧/- આપ્યાથી સગાઈ થયેલી ગણાશે.

(૪) સગાઈ કરવા જનાર સગાએ સગપણ વખતે કોઈપણ જાતનો સોના - ચાંદીના દાગીનો, ડ્રેસ કે કપડાં અગર અન્ય ભેટ - સોગાદ આપવાની રહેશે નહીં.

(૫) સગપણ વખતે કન્યાના બાપે વરપક્ષના ત્યાં સગા વેવાઈને ત્યાં રૂા. ૧૦૧/-

તથા સાથે આવનાર માણસોએ રૂા. ૧૦/- પ્રમાણે કુલ મળીને રૂા. ૧૫૦/- સાથે કુલ રૂા. ૨૫૧/- આપવાના રહેશે.

(૬) વરપક્ષ તરફથી કન્યાપક્ષના ત્યાં વેવાઈવટ કરવા મેળામણીયા સિવાય પંદર માણસોએ જવું, બપોરે એક ટંકનું ભોજન લેવું, વળતરમાં કન્યાપક્ષે વરપક્ષને ત્યાં રૂા. ૪૦૧/- નો વ્યવહાર આપવાનો રહેશે.

**ઉપર મુજબના ઠરાવનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે, અને ગુના બદલ નાતને રૂા. ૧૦૦૧/- આપવાના રહેશે.**

(૭) સગાઈ થયા પછી હારડો, મીઠાઈ, છાબડીનો રીવાજ બંધ કરવામાં આવે છે. સગપણ તોડનાર પાસેથી ગુના બદલ રૂા. ૧૦૦૧/- સમાજને આપવાના રહેશે.

(૮) સગપણ થયા પછી કોઈપણ જાતનું સગપણ નીકળતું હશે તો સગપણ તોડવા માટે સમાજને યોગ્ય લાગશે તો ગુન્હામાંથી મુક્તિ આપી શકાશે.

## ● ઠરાવ નં. (૨) લગ્નના ચાંલ્લા બાબત...

(૧) **લગ્ન વધાવવા બાબત :-** લગ્નનો ચાંલ્લો કરવા માટે કન્યા પક્ષ તરફથી (અગિયાર) માણસો મુરતિયાના બાપના ત્યાં જવુ અને પંચ રૂબરૂ રૂા. ૧-૦૦ એક ચાંલ્લાના ૨૫ પૈસા બે ટકાના આપી મુરતિયાનો ચાંલ્લો કરવો, અને બન્ને પક્ષની સંમતિથી મુર્હુત જોવડાવી વિવાહનો દિવસ નક્કી કરવો, આ પ્રસંગે બ્રાહ્મણને રૂા. ૨૫/- (પચ્ચીસ) આપવા, લગ્ન વધાવવા આવનારને ઓઢામણીમાં વરપક્ષે કંઈ આપવું નહીં, પરંતુ લગ્ન વધાવવા આવનાર ઈસમોએ વરપક્ષને ત્યાં દિકરીના બાપે રૂા. ૧૦૧/- તથા અન્ય જણાને રૂા. ૧૦/- પ્રમાણે આપવા.

(૨) **લગ્ન જમણ બાબત :-** લગ્ન વધાવવા આવનાર લગનીયાઓને બપોરે એક ટંકનું ભોજન આપવું.

(૩) **વરઘડીયા બાબત :-** વરઘડીયાનો રીવાજ સદંતર બંધ કરવામાં આવે છે.

(૪) વળતરમાં નાના બાળકોને રોકડમાં આપવું.

(૫) કન્યા પક્ષ તરફથી વાડીના રૂા. ૫૧/- તથા પંચના રૂા. ૫૧/- તથા ધર્માદા

રૂા. ૫૧/- આપવા આ સિવાય કંઈ આપવું નહીં, ભાઈઓ તથા સગા-વહાલાઓનો વ્યવહાર સદંતર બંધ કરવામાં આવે છે. ઉપરોક્ત કલમોને ભંગ કરનાર પાસે રૂા. ૧૦૦૧/- સામાજીક ન્યાય આપવો પડશે.

## ● ઠરાવ નં. (૩) વિવાહ બાબત...

(૧) મુર્હુત પ્રમાણે જાન મોકલવા બાબત :- જાન ઠરાવેલ મુર્હુતના દિવસે સવારે ૯-૦૦ વાગ્યાથી ૧૦-૦૦ વાગ્યા સુધી કન્યાના બાપના ત્યાં જવી જોઈએ. સંજોગોવશાત કુદરતી આફત કે અકસ્માત બને અને જો નક્કી કરેલા દિવસે જાન લઈ જવી અશક્ય બને તો વરપક્ષ તરફથી એક માણસ અગાઉથી કન્યાપક્ષને ત્યાં જઈ તાત્કાલિક ખબર આપવી, અને બીજુ મુર્હુત જોવડાવી તે મુર્હુતે જાન લઈ જવાની રહેશે.

ઉપર પ્રમાણે તાત્કાલીક ખબર આપવામાં ન આવે અને તેથી કન્યા પક્ષને ઈરાદાપૂર્વક ખોટું ખર્ચ કરાવવામાં આવશે તો તે બદલની થયેલી નુકશાની વરપક્ષે આપવાની રહેશે અને તે ગુના બદલ સમાજને દંડ રૂપિયા ૧૦૦૧/- આપવાના રહેશે.

(૨) ગાંદરે ગળ્યુ પાણી આપવાનો રીવાજ બંધ છે.

(૩) જાન જો સમયસર આવે અને કન્યાપક્ષ વિવાહ કરવામાં ઢીલ અથવા રુકાવટ કરે તો નાતનો ગુનેગાર બનશે અને ગુન્હા પેટે રૂા. ૧૦૦૧/- દંડ આપવાનો રહેશે.

(૪) **જાનૈયા બાબત :-** જાનમાં વર સાથે વધુમાં વધુ ૧૦૧/- (એકસો એક) જાનૈયા ઠરાવવામાં આવે છે. તેમાં છોકરાંઓનો પણ સમાવેશ થાય છે. જાનમાં બ્રાહ્મણને સાથે લઈ જવાની પ્રથા બંધ કરવામાં આવે છે. વરપક્ષના બાપ અને વડીલને પણ જાનમાં જવાની છુટ છે. દોતોરસો પરગણામાં જાન લઈ જવાની હોય તો સ્ત્રીઓને તથા દિકરીઓને જાનમાં લાવવાની પ્રથા બંધ કરવામાં આવે છે. સગા-વહાલા હોય તો તેમણે પહેલા દિવસે જવું. જાન સાથે જવું નહી, દિકરી તથા સ્ત્રીને લઈ જનારની પાસેથી રૂા. ૫૦૧/- સા. ન્યાય લેવામાં આવશે. જાનૈયા ઉપરાંત વધારાના

જાનૈયા લઈ જનાર તથા કન્યા પક્ષ વધારાના જાનૈયાઓને જમાડે તો બંન્ને પક્ષે રૂા. ૧૦૦૧/- લેખે સા.ન્યાય લેવામાં આવશે. અન્ય પરગણામાં જાન લઈ જવાની થાય તો કન્યા તેનું દહેજ તે પ્રમાણે વર્તવાનું રહેશે.

(૫) **વરના પોશાક બાબત :-** વરને શોભે તે રીતે અનુકુળ સભ્ય પોશાક પહેરવાની છુટ આપવામાં આવે છે.

(૬) **ખુપનો રીવાજ બંધ કરવા બાબત :-** ખુપને બદલે વરને ઘેરથી નીકળતી વખતે ફુલહાર, ગુલછડી આપવાં અને ખુપની પ્રથા બંધ કરવામાં આવે છે. વરપક્ષના કોઈ સગા - સબંધીઓને વર માટે તેમના ખર્ચે હાર કે કલગી લગાવવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

## ● ઠરાવ નં. (૪) લગ્નના વિવાહ અને આણાના દાપા બાબત

(૧) લગ્ન વિવાહ અને આણાના બંને દાપાના રૂા. ૫૨૫૨/- (પાંચ હજાર બસો બાવન) પુરા નક્કી કરવામાં આવે છે. દાપુ મંડપ સભાએ ભાણે ભરવું, સાસુ પુંખણામાં કંઈ આપવું નહીં, આણાંની પેટી માંડવે આપવાની રહેશે.

(૨) રૂા. ૫૨૫૨/- દાપા સિવાયના નીચેની વિગતે જાન પક્ષ પાસેથી લેવાની રહેશે.

(૧) ૧૦૧/- રૂા. માંડવાના પંચના
(૨) ૫૧/- રૂા. ભોમસદના
(૩) ૫૦/- રૂા. મેળામણીના
(૪) ૧૦૧/- રૂા. વાડીના (દોતોરસો રોહિત પરગણા મંડળની)
(૫) ૧૦૧/- રૂા. ધર્માદા ફંડ
(૬) ૫૨૫૨/- રૂા. દાપાના
૫૬૫૬/- રૂા. કુલ્લે લેવાના રહેશે.

આ સિવાય બીજી કોઈપણ જાતની લેવડ - દેવડ કરવી નહી, નિતી - નિયમોનો ભંગ કરનાર પાસેથી સમાજે રૂા. ૧૦૦૧/- લેવાના રહેશે. તેમજ કારોબારી સભ્યશ્રી તરફથી આ બાબતની જાણ કરવામાં નહી

આવે તો તેમની પાસેથી સમાજે રૂા. ૧૫૧/- લેવાના રહેશે. વાડીના રૂા. ૧૦૧/- બંધારણમાં છે તે સિવાય વધારે રકમ આપવાની છુટ છે.

(૨) વરપક્ષ તરફથી વરઘોડા તેમજ વાજિંત્ર અને બહેનોને જાનમાં લઈ જવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે. પરંતુ વરપક્ષે તથા કન્યાપક્ષે પોતાના ગામે વાજિંત્ર વગાડવાની છુટ છે.

આ નિતી - નિયમોનો ભંગ કરનાર ઈસમ પાસેથી રૂા. ૧૦૦૧/- સમાજે દંડ તરીકે લેવા અને તેની કારો બારી સભ્યોએ સમાજને દસ દિવસમાં જાણ કરવાની રહેશે. અને જાણ કરવામાં નહીં આવે તો કારોબારી સભ્યનો રૂા. ૧૦૧/- (એકસો એક) પુરા સમાજે લેવાના રહેશે.

(૪) મેળામણી બાબત :- વરપક્ષ પાસેથી રૂા. ૫૦/- લીધેલા છે. તેમાં રૂા. ૫૦/- કન્યા પક્ષના ઉમેરી મેળામણીયાને રૂા. ૧૦૦/- આપવાના રહેશે.

(૫) દોતોરસો રોહિત પરગણા મંડળ જાન પાસેથી રૂા. ૧૦૧/- દોતોરસો રોહિત પરગણા મંડળ (વાડી) ના ઉપર જણાવેલ પ્રમાણે લેવાના છે. અને અન્ય શુભ પ્રસંગે રૂા. ૫૧/- (એકાવન) લેવાના રહેશે.

(૬) સગા - સબંધી બાબત :- માંડવાના સગા, સબંધીઓને જેવા કે, ભાઈ - ભત્રીજો, ફોઈ, ફુવા, કે બેન કે બીજા અન્ય કોઈ સગાને કોઈ વહેવાર લગ્ન (વિવાહ) વખતે વરપક્ષે કરવાનો નથી અને કરશે તો નાતને રૂા. ૫૦૧/- (પાંચસો એક) દંડ આપવાનો રહેશે. ગાંદરે વરપક્ષે માંડવાના સગા કે અન્ય કોઈને લેવડ - દેવડ કરવાની નથી.

(૭) લગ્ન પ્રસંગે તલ, તલવા, ટીપણાં અને લુછણાં માનપાન ગણવટ વિગેરેનો રીવાજ બંધ કરવામાં આવે છે.

(૮) ચોરી વખતે બ્રાહ્મણને હાથ વાસવામાં કંઈ આપવાનું નથી. પણ ફક્ત અક્ષત ચોખાથી જ હાથ વાસવો.

(૯) વર, કન્યાને મોડ આપવા બાબત :- ફક્ત કન્યાને જ ચોરીમાં મોડ આપી શકાશે, વરને મોડ આપવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

(૧૦) જાનીવાસે કન્યા ન મોકલવા બાબત :- લગ્ન વિધી પત્યા બાદ કન્યાને

ચોરીમાંથી સીધી બાપના ઘરમાં લઈ જવી, જાનીવાસે મોકલવાની પ્રથા બંધ કરવામાં આવે છે. જાનીવાસે કંઈ આપવાનું નથી.

(૧૧)સગા-સબંધીઓ તરફથી વરને કાછલી બાંધવાનો રીવાજ બંધ કરવામાં આવે છે. પરંતુ વરપક્ષ તરફથી બેન, ફોઈ, ભાણેજને કાપડાં તરીકે યોગ્ય રકમ આપી શકાશે.

**● ઠરાવ નં. (૫) જાનને જમણ આપવા બાબત...**

જમણ :- શુધ્ધ ધીનો શીરોને દાળ - ભાત તથા પુરી શાક, તથા મિષ્ઠાન ઉપરાંત જેને જે ખાદ્ય ચીજ મુકવી હોય તે મુકી શકાશે.

(૧) આવતી જાનને દિકરીના બાપના ત્યાં વર સાથે જાનૈયા - ૧૦૧ (એકસો એક) ને શુધ્ધ ઘીનો શીરો, દાળ - ભાત, પુરીશાક, તેમજ તેને જે ચીજ પીરસવી હોય તે જમણમાં પીરસી શકાશે, જમણબાદ મુખવાસ આપી શકાશે. જાનીવાસાનું જમણ બંધ કરવામાં આવે છે. વરનું ચલાવું બંધ કરવામાં આવે છે. વરે જાનેયાઓ સાથે માંડવે જમવું, બપોરે એક જ જમણ આપ્યા પછી જાનને સાંજે વિદાય આપવી, આ સિવાય નાસ્તો કે અન્ય જમણ આપવું નહીં. આ નિયમનો ભંગ કરનાર જમણ આપનાર તથા લેનાર બન્ને પક્ષને રૂા. ૧૦૦૧/- (એક હજાર એક) દંડ પેટે આપવાના રહેશે. જો કારોબારી સભ્યો ગુન્હો છુપાવશે તો કારોબારી સભ્યોનો રૂા. ૧૦૧/- દંડ લેવામાં આવશે.

(૨) સગા - સબંધીઓને જાન રોકવા બાત :- વરપક્ષની સગીબેન, સગીફોઈ, કે બીજા કોઈએ કન્યાપક્ષના ગામે જાંન રોકવાની નથી.

(૩) વર જમણ બાબતે :- વર જમણની પ્રથા બંધ કરવામાં આવે છે. માંડવે જમવું.

(૪) વરની સગીફોઈ, બેન સ્થાનિક મેળામણીયાને જાનની સાથે જમવા બોલાવી શકાશે. તેનો જાનૈયામાં સમાવેશ થશે નહીં.

**● ઠરાવ નં. (૬) કન્યાપક્ષ તરફથી વરપક્ષને આપવામાં આવતી વળતરની વિગત.**

**કન્યા પક્ષ તરફથી વરપક્ષને નીચે પ્રમાણે વળતર આપવાનું રહેશે.**

(૧) વરને રૂા. ૫૧/- (એકાવન) આપવા.
(૨) કન્યાને દશ તોલા ચાંદીના દાગીના આપવા.
(૩) કન્યાને ચાર કિલો તાંબાનું બેડું નંગ-૧ આપવું.
(૪) અમરદિવો (રામણદિવો) આપવો.
(૫) બાજટ નંગ-૧ આપવો.
(૬) આણાં પેટી નંગ-૧ આપવી.

તા.ક. :- દિકરીને દશ તોલા ચાંદીના આપેલા દાગીના શ્રી કૃષ્ણાર્પણ તરીકે ગણાશે તે સિવાય અન્ય દાગીના પહેરવાની છુટ છે. તાંબાનું બેડું અને આંણાની પેટી, બાજટ માંડવે આપવાનું રહેશે.

જ્યારે રામણદીવો ગાંદરે સાસુએ આપવાનો રહેશે. તેમાં કોઈ નાણાકીય લેવડ-દેવડ કરવાની નથી.

કુદરતી સંજોગોમાં વર અથવા કન્યા બે માંથી એકનું અવસાન થાય તો ચાંદીનો હક્ક મુરતીયાના બાપનો રહેશે. લગ્ન પ્રસંગે આપેલી ચાંદી સંજોગોવશાત કન્યા પક્ષ તરફથી મુરતિયાના બાપને ન મળે તો ચાંદી અથવા રોકડ અપાવવી અને ગુન્હા બદલ રૂા. ૧૦૧/- દંડ કન્યાના બાપ પાસેથી લેવો.

## ● ઠરાવ નં. (૭) ગાંદરાનો વહેવાર.

જાન વળાવતી વખતે ગાંદરે વરપક્ષે રૂા. ૧૦૧/- પુરુષોને અને રૂા. ૧૦૧/- સ્ત્રીઓને એમ કુલ રૂા. ૨૦૨/- કન્યા પક્ષને ધોરાળીના આપવાના થશે. આ સિવાય બીજો કોઈ વ્યવહાર કરવાનો નથી. વ્યવહાર કરનાર - કરાવનાર નાતનો ગુનેગાર ગણાશે. અને તે બદલ રૂા. ૫૧/- દંડ આપવો પડશે.

## ● ઠરાવ નં. (૮) પાંખણા બાબત.

(૧) કન્યા જ્યારે તેના સ્વસુરગૃહે પ્રવેશ કરે ત્યારે અક્ષત (ચોખા) થી વધાવીને ઘર પ્રવેશ કરાવવો.
(૨) શ્રી ગણેશ પુંજનથી માંડીને વર પરણીને ઘેર આવે ત્યાં સુધીમાં પાટ

બેસણા સાથે વરપક્ષે રૂા. ૨૫/- અને અણવરે રૂા. ૨૫/- એમ કુલ મળી રૂા. ૫૦/- (પચાસ) વરપક્ષના બ્રાહ્મણને આપવા, એમાં વર-કન્યાને તોરણે પુખવા વિગેરેનો સમાવેશ થઈ જાય છે.

(૩) અણવરને ઓઢામણામાં પેન્ટપીસ આપવું, આ સિવાય બીજુ કોઈ ઓઢામણું આપવાનું રહેતું નથી. આપશે તો તે નાતનો ગુનેગાર ગણાશે. અને નાતના ગુન્હા બદલ રૂા. ૨૫/- (પચ્ચીસ) દંડ આપવાનો રહેશે.

**● ઠરાવ નં. (૯) કન્યાને લગ્ન થયા બાદ સ્વસુરગૃહે મોકલવા બાબત.**

લગ્ન વિધી પત્યા બાદ આણું તેડવા માટે બન્ને સગાઓની સંમતિથી અનુકળ સમય નક્કી કરી એક જ વ્યક્તિએ તેડવા માટે જવું. ત્યારે આણાંની પેટી તેડવા આવનારને આપવી.

**● ઠરાવ નં. (૧૦) નછોરવી/નિઃસંતાન તથા છોકરાની માવતર / કન્યા રંડાય તેવી વિગત.**

(૧) નછોરવી (નિઃસંતાન) કન્યા રંડાય તો પોથના કપડાં ઉપર રૂા. ૫૧/- (એકાવન) મોકલવા તે સિવાય કોઈ ભાઈઓએ કંઈ મોકલવું નહીં, રૂા. ૧૦/- (દશ) બ્રાહ્મણને આપવા તે સિવાય કંઈ આપવાનું નથી.

(૨) મુરતિયો રંડાય ત્યારે તેના સાસરીયાઓ લોકાચાર જવું, પરંતુ ખર્ચ વિગેરે કરાવવું નહીં તથા જમાઈ તથા વેવાઈને બોલાવીને જમાઈને રૂા. ૫૧/- તથા વેવાઈને રૂા. ૨૫/- કન્યાના બાપે આપવા અને નાત બંધારણ મુજબ દશ તોલા ચાંદી પરત આપવી.

(૩) નછોરવી કન્યા તેના સાસરીપક્ષે મરણ પામે ત્યારે પિયર પક્ષ તરફથી વધારાના પહેરાવેલા નાત રીવાજ સિવાયના દાગીના પિયર પક્ષને પરત કરવા, આ કલમનો ભંગ કરનાર પાસેથી દાગીના અપાવીને રૂા. ૧૦૧/- (એકસો એક) દંડ નાતને આપવાનો રહેશે.

**● ઠરાવ નં. (૧૧) નછોરવી કન્યાના / છોકરાની માવતર કન્યા પુર્નઃલગ્ન બાબત.**

(૧) છુટી થયેલી કન્યા / સ્ત્રી ફરી લગ્ન અથવા પુર્નઃ લગ્ન કરી શકશે.

(૨) નછોરવી કન્યા (નિઃસંતાન) ના દાપાના રૂા. ૨૫૫૨/- (બે હજાર પાંચસો બાવન) ઠરાવવામાં આવે છે. બે માણસોએ વાંસડી ચઢાવવા જવું જમણમાં કંસારનું જમણ આપવું, કન્યાને પોતાની સ્થિતિ અનુસાર દાગીના ચઢાવી શકાશે.

(૩) વાંસડી ચઢાવતી વખતે દાગીના હાજર ન હોય તો વાંસડી પેટે રૂા. ૧૦૧/- (એકસો એક) આપવાના રહેશે. જે દાપામાં મજરે લેવામાં આવશે.

(૪) વાંસડી ચઢાવવા આવનાર (સગપણ) વખતે બન્ને માણસને રૂા. ૧૧/- (અગિયાર) કુલ - ૨૨ રૂા. વળતરમાં આપવાના રહેશે.

## ● ઠરાવ નં. (૧૨) સાજનાનું પુનઃ લગ્ન આણું તેડવા બાબત.

સાજના (પુનઃ લગ્ન)નું આણું તેડવા માટે મુરતીયા સાથે કુલ - ૨૧ માણસોએ જવું, જમણમાં કંસાર વગેરે એક ટંક જમણ આપવું, વળતરમાં તાંબાનું ચાર કિલોનું બેડું - ૧ આપવું, વળતરમાં વરપક્ષને સમગ્ર રીતે રૂા. ૪૦૧/- (ચારસો એક) નો વ્યવહાર આપવો. વરપક્ષે રૂા. ૫૧/- વાડીના રૂા. ૨૫/- બ્રાહ્મણના તથા ગાંદરે સ્ત્રી - પુરુષના બંન્ને મળી રૂા. ૧૦૦/- આપવાના રહેશે.

નોંધ :- સદરહું વહેવાર વિરુધ્ધ વર્તન કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને રૂા. ૧૫૧/- દંડ આપવાનો રહેશે.

## ● ઠરાવ નં. (૧૩) સીમંત સબંધી

(૧) કન્યાને સીમંત આવે ત્યારે મુહુર્ત જોવડાવી જોડી કપડા, સવાશેર ચોખા, શ્રીફળ, સાત પડીકા લઈને જવું, તથા જમાઈ માટે પેન્ટપીસ નંગ-૧ લઈ જવું, તેડવા જનારને વળતરમાં પેન્ટપીસ આપવું.

(૨) કન્યાને દિકરી અગર દિકરી જન્મે અને પિયર પક્ષ તરફથી વધામણી આપવા જાય તો વધામણીમાં પેન્ટપીસ આપવું.

(૩) જીયારાનું આણું તેડવા જમાઈ તથા બીજા દશ માણસોએ જવું, દિકરીના મા-બાપ યથાશક્તિ દિકરી અને જમાઈને શ્રી કૃષ્ણાપર્ણ આપવું તેડવા આવનારને યથાશક્તિ આપવું.

(૪) જીયારાનું ઘોડીયું મુકવા જનારને ઈચ્છા અનુસાર ઓઢામણું આપી શકાશે.

(૫) બ્રાહ્મણને આ પ્રસંગે રૂા. ૨૫/- આપવા.

(૬) જીયારામાં ભાઈઓ તથા સગા વિગેરેની વેડ પ્રથા બંધ કરવામાં આવે છે. તેમજ ગાંદરા વિગેરેનો કોઈ વ્યવહાર કરવાનો નથી.

(૭) જ્યારે દિકરીને પ્રસુતિનો પ્રસંગે આવે ત્યારે સાસરી પક્ષ તરફથી ઘી વિગેરે પ્રસુતિની સામગ્રી લઈને દિકરાની મા અથવા જે આવે તેને સાડલા પહેરાવવાની છુટ આપવામાં આવે છે.

## ● ઠરાવ નં. (૧૪) મામેરા સબંધી.

(૧) ભાણી-ભાણેજના લગ્ન પ્રસંગે કોઈપણ ભાઈ પોતાની શક્તિ અને ઈચ્છા અનુસાર મામેરૂ કરી શકાશે. મામેરાની રકમ એટલે કે અંદાજી આંકણી રકમનો ટહુકો પાડી શકાશે નહીં. પણ શ્રી કૃષ્ણાર્પણ આપ્યા બદલનો ટહુકો પાડી શકાશે. વેવાણનો સાડલો તથા વેવાઈને રૂા. ૫૧/- પહેરામણી આપી શકાશે.

(૨) બહેનને ચાંલ્લામાં તેમજ મામેરાને જમણ ઈચ્છા અનુસાર આપી શકાશે.

(૩) મામેરુ ગાંદરે વળાવતી વખતે સ્ત્રી - પુરુષો મળીને ધોરાળી પેટે રૂા. ૧૦૦/- (એકસો) પુરા આપવા આ સિવાય કોઈપણ જાતનો ગાંદરે સગા - વહાલાનો નાણાંકીય વ્યવહાર કરવો નહીં.

(૪) પ્રથમ મામેરા વખતે માંડવા પંચના રૂા. ૫૧/- વાડીના રૂા. ૫૧/- ધર્માદા રૂા. ૫૧/- આપવા તથા ગાંદરે રૂા. ૫૦/- સ્ત્રી - પુરુષના આપવા તે પછીના મામેરા વખતે ઈચ્છા અનુસાર આપી શકાશે.

## ● ઠરાવ નં. (૧૫) મરણ મામેરા સબંધી.

મા-બાપની પાછળ એટલે બારમા સિવાયના કોઈપણ કારજ પ્રસંગે મામેરુ આપવાનો પ્રસંગ ઉભો થાય તો મરણ - મામેરા તરીકે બેન કે દિકરીને એક જોડી કપડાં આપવા, જમાઈને રૂા. ૫૧/- આપવા, કપડાં ઉપરા રૂા. ૫૧/- આપવા તથા બ્રાહ્મણને રૂા. ૧૦/- આપવા.

મરણ મામેરા પ્રસંગે કોઈપણ જાતના મહેણાં - ટાંણા કે રોકટોક કરવી

નહી, તેમ કરનાર સાબિત થશે તો નાતનો ગુનેગાર ગણાશે. અને ગુન્હા બદલ નાતને રૂા. ૧૦૧/- દંડ આપવાનો થશે.

**● ઠરાવ નં. (૧૬) મરણ પાછળ કાંણ (સાથ) સાચવવા બાબત.**

(૧) કોઈના વૃધ્ધ મા-બાપ અવસાન પામે અને તેની પાછળ કાંણ (લાકડી) સાચવવી હોય તો લોકાચાર આવનારને ફક્ત દાળ અને ભાતનું જમણ આપવાનું રહેશે. કોઈ મિષ્ઠાન પીરસો શકાશે નહીં, તેમજ શાક - રોટલી આપી શકાશે નહીં.

(૨) મરણની તારીખથી બે દિવસ પછી પોતાની અનુકુળતા પ્રમાણે બે દિવસ (રવિવાર / મંગળવાર) સિવાય બેસણું તથા લોકાચાર માટે આવવું. તેમજ વેવાઈ / વેવાણના મરણ પ્રસંગે રૂા. ૨૫/- (પચ્ચીસ) તથા અન્ય સગાએ રૂા. ૧૦/- પ્રમાણે લોકાચારના આપવાના રહેશે. તેમજ સગાઓમાં ફોઈ, બહેન કે દિકરી વિગેરેના સાથ સાચવવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

(૩) શોક ઉતારવા આવનાર ફોઈ, બહેન દિકરી વિગેરેને શોકના સાડલાની જગ્યાએ રોકડમાં દિકરી, બહેન, ફોઈને રૂા. ૫૦/- તથા જમાઈને રૂા. ૨૫/- તેમજ બાકીનાને રૂા. ૧૦ પ્રમાણે શોક પ્રતિક તરીકે આપાવાના રહેશે.

(૪) લોકાચાર જમણનો કાયદાનો ભંગ કરનાર નાતનો સખ્ત ગુનેગાર ગણાશે અને ગુન્હા બદલ તેને રૂા. ૫૦૦૧/- દંડ આપવાનો રહેશે.

**● ઠરાવ નં. (૧૭) શુભ પ્રસંગે પરગણું બોલાવવા બાબત.**

(૧) કોઈપણ ગામે કે વ્યક્તિ, સમાજ સ્નેહ સંમેલન, જીવતવરો કે પંચપાઠ માટે પરગણું બોલાવી શકશે.

(૨) કોઈપણ ઈસમને ઈચ્છા થાય તો વાસ્તુપુજન કે મરણ - પ્રસંગે સમાજને બોલાવી શકાશે.

(૩) પરગણાના જમણમાં ઈચ્છાનુસાર મિષ્ઠાન આપી શકાશે.

(૪) સમાજ સ્નેહ સંમેલન, જીવતવરો, પંચપાઠ તથા વાસ્તુપૂજન માટે દિવસે એક ટંક બોલાવી શકાશે, અને કોઈ ગામને સમાજને જમણ આપવાની ઈચ્છા થાય તો તે આપી શકાશે.

● **ઠરાવ નં. (૧૮) ફારગતી (છુટાછેડા)**

(૧) જો પરણેતર પુરૂષ કે સ્ત્રી એકબીજાથી લગ્ન ગ્રંથીથી છુટા થવા માગતા હોયતો તેમણે રૂા. ૨૫૦૦૦/- (પચ્ચીસ હજાર) જે તે સમયના પંચની રૂબરૂમાં આપવાના રહેશે. અને સામાજીક ન્યાય પેટે રૂા. ૫૦૦૦/- (પાંચ હજાર) પુરા તેજ સમયે લવાદને આપવા. બીજા પરગણાને આ નિયમ લાગુ પડશે.

(૨) જો કન્યા અને મુરતિયો બન્ને પોતાની સ્વેચ્છાએ (અરસ પરસ સહમતી) થી છુટા થવા માગતા હોયતો તેમણે કોરા કાગળે છુટા છેડા જે તે સમયના પંચ રૂબરૂ લઈ શકશે. અને બન્ને પક્ષોને દોષિત ગણીને સા. ન્યાય પેટે ૫૦૦૦/- આપવાના રહેશે. તેમજ બીજા પરગણાને પણ આ નિયમ લાગું પડશે.

(૩) જો ઉપરોક્ત બન્ને કલમો ઉપરાંત જો કોઈપણ સ્ત્રી કે પુરૂષ તરફથી છુટાછેડા બાબતે રૂા. ૨૫૦૦૦/- કરતાં વધું આપલે કરશે તો તેમણે રૂા. ૫૦૦૦/- ઉપરાંત રૂા. ૧૧૦૦૦/- (અગિયાર હજાર) પુરા જે તે સમયના પંચની રૂબરૂ નિર્ણય લઈ લવાદને આપવાના રહેશે. આ નિયમ બીજા પરગણાને પણ લાગું પડશે.

(૪) છોકરાના માવતર સ્ત્રીને છુટી કરનાર પુરુષે બાળકો તેણે રાખવાના રહેશે. અગર પુરુષ ન રાખે અને કન્યાને સોપે તો તેની મિલ્કત અને આવક ધ્યાને રાખી જે તે સમયનું પંચ નિર્ણય કરશે તે માન્ય રહેશે.

● **ઠરાવ નં. (૧૯) દ્વિપત્નિ (બીજી પત્ની) સબંધી ઠરાવ.**

(૧) કોઈપણ પુરુષ પત્ની હયાત હોવા છતાં બીજી પત્ની કરશે તો તેણે પ્રથમ પત્નીની સંમતિ પ્રમાણે છુટાછેડા આપવા પડશે, અને જો પ્રથમ પત્નિ રહેવાની ઈચ્છા ધરાવશે તો તેનું તથા તેના બાળકોનું ભરણપોષણ આપવું પડશે. આ બાબતે જે કોઈ કાયદાકીય જવાબદારી ઉભી થશે તો તેની જવાબદારી પતિ તથા વરપક્ષની રહેશે. આ ગુના બદલ પુરુષે નાતને રૂા. ૧૦૦૧/- દંડ આપવાનો રહેશે.

(૨) સંતાન નહી હોવાના કારણે કોઈપણ પુરુષ પોતાની પ્રથમ પત્નીની સંમતિ લઈ પુરુષની ૩૦ વર્ષની ઉંમર વટાવ્યા પછી બીજી પત્ની કરી શકશે.

(૩) સંતાન નહી હોવાના કારણે બીજી પત્ની કરતાં અગાઉ પ્રથમ પત્નીની ઉંમર ઓછામાં ઓછી ૨૮ વર્ષની હોવી જોઈએ, પણ આવા પ્રસંગે સરકારી કાનુન અંગેની જે તે જવાબદારી જે તે પુરુષના શિરે રહેશે. જો કોઈ ઈસમ શિરજોરથી તથા પ્રથમ પત્નીની અવગણના કરી બીજી પત્ની કરશે તો તે નાતનો ગુનેગાર ગણાશે, અને આ બદલ નાતને રૂા. ૧૨૫૧/- દંડ આપવો પડશે.

(૪) કોઈપણ પુરુષ બીજી પત્ની કર્યા પછી પ્રથમ પત્નીને મારઝુડ કે હેરાન કરશે અગર તેણીનું તથા તેના બાળકોનું ભરણપોષણ નહી કરતો હોય તો કાયદાકીય થનારી જવાબદારી જે તે ઈસમની રહેશે. અને આ અંગે નાતના ગુન્હા બદલ રૂા. ૧૨૫૧/- દંડ આપવાનો રહેશે.

## ● ઠરાવ નં. (૨૦) વિધવા સ્ત્રી બાબત.

(૧) હયાત બાળકોની માતા જો વિધવા બને અને તે પુનઃ લગ્ન કરે, અગર ન કરે તો પણ પિયર પક્ષ તરફથી મળેલા ઘરેણાં તેના બાળકોના ભરપોષણ માટે બાળકોનો અધિકાર રહેશે.

(૨) કોઈપણ સ્ત્રી વિધવા બને ત્યારે તે સ્ત્રીને તેના સાસરીયા તરફથી કોઈપણ જાતનો શારીરિક કે માનસીક ત્રાસ અગર બીજી કોઈપણ જાતની સતામણી કરી / કરાવી શકાશે નહીં.

(૩) આગળ નછોરવી કન્યા રંડાય ત્યારે રૂા. ૨૫/- તથા છોકરાંની મા રંડાય ત્યારે રૂા. ૨૦/- ઠરાવ્યા છે. તે ઉપરાંત વેલ લેવા / લેવડાવવામાં તથા આપવા / અપાવવામાં મદદ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેના રૂા. ૫૧/- દંડ લેવામાં આવશે અને વધારામાં લીધેલી રકમ પરત લેવામાં આવશે.

(૪) જો કોઈપણ સ્ત્રી વિધવા બને અને તેની મરજી હોય તો શોકના (પોથના) કપડાં નાખ્યા પછી તે સ્ત્રીને પિયર જવામાં છુટ છે. તેને રોકનાર નાતનો

ગુનેગાર ગણાશે અને કાયદાકીય ગુંચ ઉભી થશે તો જે તે જવાબદારી ઈસમના શીરે રહેશે અને આ બદલ નાતને રૂા. ૫૧/- દંડ આપવો પડશે.

(૫) જો કોઈપણ સ્ત્રી વિધવા બને તો તેણીએ પોતાના સાસરીપક્ષમાં રહેવું કે તેણીનું પિયર પક્ષમાં રહેવું તેની સ્વતંત્ર ઈચ્છા ઉપર આધારીત રહેશે.

(૬) કોઈપણ સ્ત્રી વિધવા હોય અને તેના દિયર સાથે દિયરવટું વાળવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે. પરંતુ જો વિધવા છોકરાની મા હોય અને તેના દિયર વિધુર હોય અને વિધવા સ્ત્રીની મરજી હોય તેમજ તેના પિયરપક્ષની સંમતિ હોય તો નાતના પુનઃલગ્નના ઠરાવ પ્રમાણે દાપુ પિયરપક્ષને આપી દિયરવટું વાળી શકશે. આથી વિરુધ્ધ વર્તન કરનાર નાતનો ગુનેગાર ગણાશે. અને તેના રૂા. ૧૦૫૨/- દંડ લેવામાં આવશે અને વિધવા સ્ત્રીના પિયરપક્ષને દાપુ આપવાનું રહેશે.

## ● ઠરાવ નં. (૨૧) ભાગેડું સ્ત્રી અથવા પુરુષુ.

(૧) સમાજનો પુરૂષ પરિણિત હોય અને બીજી કોઈ કુંવારી કે પરણિત કન્યાને લઈ નાસી જાય અને તેનાથી મુળ પુરૂષ કે સ્ત્રી રખડી પડે તો ભાગેડુ પુરૂષના મા-બાપ, વાલી વારસો પાસેથી રૂા. ૫૦,૦૦૦/- અને ભાગેડુ કન્યાના મા-બાપ, વાલી વારસો પાસેથી રૂા. ૫૦,૦૦૦/- એમ કુલ મળી રૂા. ૧૦૦૦૦૦/- (એક લાખ) પરણેલ પુરૂષ અથવા સ્ત્રી રખડી પડેલ હોય તેમને આપવાના રહેશે. તેમજ બન્ને ભાગેડુ પક્ષના વાલી વારસા પાસેથી રૂા. ૫૦૦૦/- પ્રમાણે રૂા. ૧૦,૦૦૦/- સામાજિક ન્યાય ફાળા પેટે લેવામાં આવશે. જો કોઈ મા-બાપ સગા વ્હાલા પોતાના ભાગેડુ સ્ત્રી કે પુરૂષને સંઘરવાનહી કે સહકાંર આપવો નહીં કે ગામમાં પ્રવેશવા દેવા નહીં

(૨) સમાજના સગાવાલા અથવા ગામમાંથી પરણિત અથવા અપરણિત કન્યા કે મુરતીયો લઈને ભાગી જશે તો આ અંગે જે તે ગામ ગુણદોષ ઉપર નિર્ણય કરશે અને બન્ને ગુનેગાર પાસેથી ગામ સામાજિક ન્યાય ફાળો

(મોઢું ભરવાનું) રીવાજ સદંતર બંધ કરવામાં આવે છે.

(૭) લગ્ન થયા બાદ પ્રથમ વખત કન્યાને તેડવા માટે વરપક્ષ તરફથી એકજ વ્યક્તિએ જવું, આંણાની પેટી આ સાથે આપવી.

(૮) કોઈપણ મરણક્રિયા પાછળ વેવાણને સાથ તેડાવવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

(૯) સ્ત્રી અત્યાચાર કલમ - ૪૯૮ બાબતે સમાધાન કમિટી સમક્ષ રજુઆત કરી અભિપ્રાય મેળવ્યા બાદ આગળની કાર્યવાહી કરવી. આ મીટીંગમાં (પ્રમુખશ્રી / મંત્રીશ્રી, તથા કમિટી સભ્યો) આવે છે.

(૧૦)નાતના રીવાજ મુજબ મરણક્રિયા થઈ શકશે. એક શોળ સિવાય વધુ શોળ નાખવી નહીં. તાંબા કે પિત્તળના વાસણમાં આગ નાખી શકાશે નહીં. પાઘડીના બંધ બાંધી શકાશે નહીં, આ બાબત વિરુધ્ધ વર્તન કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેણે રૂા. ૧૦૦૧/- દંડ આપવાનો રહેશે.

(૧૧)જાનની સાથે ચોકીયાત લાવવાની પ્રથા બંધ કરવામાં આવે છે. અને જાનમાં કોઈપણ પ્રકારના રચકલાં કરવાની કે કરાવવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

(૧૨) પરગણાના તમામ રોહિતભાઈઓએ પોતાના બાળકોને શિક્ષણ આપવા માટે શક્તિ પ્રમાણે પ્રયત્ન કરવાનો રહેશે.

(૧૩)વરપક્ષ તરફથી લગ્ન થયા બાદ માંડવો જોવા તથા વેવાઈવટ કરવા જેવી પ્રથાઓ બંધ કરવામાં આવે છે.

(૧૪)વર / કન્યાને પીઠી ચોળ્યાબાદ અન્ય પુરુષ / સ્ત્રી સાથે પીઠીની રમત રમવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

(૧૫) કોઈપણ બિમાર સગા - સબંધીના ખબર - અંતર પુછવા જવા માટે શક્ય હોય તો જમીને જવું, બિમાર માણસ ગમે તેવો સગો હોય તો તેને ખબર - અંતર પુછી યથાશક્તિ મદદ કરવી, બિમાર ઈસમ પાસેથી કોઈપણ જાતનો નાણાંકીય વ્યવહાર (સગા - વહાલા) વિગેરેનો કરાવવો

તરીકે રૂા. ૧૦,૦૦૦/- વસુલ લઈ સમાજમાં જમા કરાવવાના રહેશે.

(૩) ભાગેડુ કન્યા કે પુરૂષની વાલી વારસોની અરજી સમાજમાં લેવામાં આવશે નહીં જે તે નિર્ણય બન્ને પક્ષના ઈસમોએ કરવો.

- **ઠરાવ નં. (૨૨)**

(૧) આણું થયા વગરની સ્ત્રી વિધવા થાય ત્યારે તેના પિયરીયાં તેની સાથે ચુડલા કરમ કરવા સારુ તેના સાસરીયામાં લઈ જશે.

(૨) બાર દિવસ પછી સ્ત્રીની મરજી પ્રમાણે પિયરમાં કે સાસરીપક્ષે આવવા - જવાની છુટ આપવામાં આવે છે.

(૩) ચુડલા કરમમાં કોઈ સ્ત્રીને કોઈપણ જાતનો ત્રાસ આપવો નહીં, આ વિરુધ્ધ વર્તન કરનાર નાતનો ગુનેગાર ગણાશે. અને તેનો રૂા. ૧૦૧/- દંડ લેવામાં આવશે.

- **ઠરાવ નં. (૨૩) સામાન્ય ઠરાવો.**

(૧) કન્યા કે વરપક્ષના શુભ પ્રસંગે પોત - પોતાના ગામમાં ઢોલ - વાજિંત્ર વગાડવાની છુટ આપવામાં આવે છે. કુંવારે નાતરુ કરવાની છુટ આપવામાં આવે છે. અને પીઠી પણ ચઢાવી શકશે.

(૨) જાન સાથે ઘોડો કે વાજિંત્ર લઈ જવાની પ્રથા બંધ કરવામાં આવે છે. લઈ જનાર ગુનેગાર ગણાશે અને ગુન્હા બદલ રૂા. ૧૦૦૧/- દંડ આપવાનો રહેશે.

(૩) બાળ-લગ્નોની પ્રથા બંધ કરવામાં આવે છે. છતાં જો કોઈ કરશે તો સરકારી કાનુની જવાબદારી જે તે ઈસમના શીરે રહેશે.

(૪) કોઈપણ ભાઈને બીજા પરગણામાંથી કન્યા લાવવાની હશે તો કન્યા ત્યાંનું દહેજ (દાપુ) તે મુજબના વ્યવહારથી વર્તાશે.

(૫) ગુલાલ છાંટવાનો, લગ્ન તથા જાનમાં બંધ કરવામાં આવે છે. કોઈપણ પ્રસંગે વેવાઈને ગુલાલ નાખવો નહીં.

(૬) જાન, લગ્ન, પુનઃ લગ્ન, સગાઈ કે કોઈપણ પ્રસંગોમાં ભેગું જમવાનું

નહી કે લેવો નહીં.

(૧૬)બંધારણના ઠરાવોનો ઉલ્લંઘન કરનાર ઈસમના ગામે, કારોબારી તારીખ આપીને જશે. તપાસણી બાદ ગુન્હો સાબીત થશે તો સબંધિત ગામે તે ઈસમ પાસેથી રૂા. ૧૦૦૧/- સમાજને સામાજીક ન્યાય ફાળા પેટે આપવાના રહેશે. આ ગુના સબબ સમાજને જાણ ન કરનાર કારોબારી સભ્યને જવાબદાર ગણી સમાજને રૂા. ૧૦૧/- આપવાના રહેશે.

## ● ઠરાવ નં. (૨૪) પરગણા પંચ મળવા બાબત.

(૧) દોતોરસો રોહિત પરગણાની સામાન્ય સભા વરસમાં અનુકુળ સમયે સમાજની ખેરાલુ મુકામે બનાવેલ વાડીના મકાનમાં બોલાવવાની રહેશે. સામાન્ય સભાના આમંત્રણ આપ્યા પ્રમાણે તમામ ગામોએ સમયસર નિયત સ્થળે આવી જવું. સામાન્ય સભા માટે ઠરાવેલ દિવસ અને સમયે અનિવાર્ય સંજોગો સિવાય પ્રમુખ/મંત્રીશ્રીને જાણ કર્યા સિવાય નહી આવનાર ગામ ગુનેગાર ગણાશે અને તે ગામે રૂા. ૧૦૧/- નાતને દંડ આપવો પડશે. બસ ચુકી જવાના કારણે અગર અસામાન્ય સંજોગો લઈને કોઈ ગામ આવ્યું ન હોય તેવી સાબિતી થાય તો તે ગામ ગુનેગાર ગણાશે નહીં.

(૨) સમાજની વાર્ષિક બેઠક મળે ત્યારે સભાનું કામકાજ આમંત્રણના દિવસે હાજર ગામોથી કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જે કાર્યવાહી કાયદેસર ગણાશે. ઠરાવેલ તારીખ અને સમયે નહી આવેલ ગામોનો વિરોધ ચાલી શકશે નહીં.

(૩) પંચની બેઠક મળે ત્યારે અઢાર વર્ષથી નીચેની ઉંમરના બાળકોને પંચની બેઠકમાં લાવવા નહી, લાવનાર ભાઈ નાતનો ગુનેગાર ગણાશે અને તેને ગુના બદલ રૂા. ૨૫/- નાતને દંડ આપવો પડશે.

(૪) કોઈપણ ગામ પંચ ભેગું થવાની બાબતમાં પક્ષ પાડે અને જેટલા ગામોને રોકે તે તડ પાળનાર ઈસમોનો રૂા. ૧૦૦૧/- દંડ લેવામાં આવશે. અને તેની મદદગીરી કરનાર તમામ ગામોના ઈસમોનો રૂા. ૧૦૧/- પ્રમાણે દંડ લેવામાં આવશે.

(૫) પરગણાનો કોઈપણ ભાઈ કારોબારી અને પરગણાની બેઠકમાં નાતમાં, વિવાહમાં કે કોઈ શુભ અવસરે દારુ કે માદક કેફી પીણાં પીશે અને સાબિત થશે તો તેમનો રૂા. ૧૦૧/- દંડ લેવામાં આવશે અને નાતનો ગુનેગાર ગણાશે. દારુ કે કેફી પીણાં પીનાર ભાઈને સાબિત કરી આપવા માટે જે કોઈ ભાઈ જાણ કરશે અને સાક્ષી આપશે તો તેને વસુલ કરેલ દંડની રકમમાંથી રૂા. ૨૫/- ઈનામ આપવામાં આવશે.

(૬) વર્ષ દરમ્યાન મૃત્યુ થયેલ હોય અને પહેલી દિવાળી આવે ત્યારે બેસતા વર્ષના દિવસે મરનારને યાદ કરી રડવાનો રિવાજ સદંતર બંધ કરવામાં આવે છે. પરંતુ સંભારણ માટે બેઠક રાખી શકાશે, આપણા સમાજમાં મૃત્યુ પ્રસંગે બેફામ રડવા કુટવાનો રિવાજ છે તે સદંતર બંધ કરવામાં આવે છે.

● **ઠરાવ નં. (૨૫) ધંધાકીય ઠરાવો.**

(૧) કોઈપણ રોહિત (ચમાર) ભાઈ પોતાના ભાઈનો કે બીજા કોઈપણ ગામનો ગરાસ બગાડશે અગર બગાડવા પ્રયત્ન કરશે તો બગાડનાર નાતનો ગુનેગાર ગણાશે. તેનો રૂા. ૧૦૦૧/- દંડ લેવામાં આવશે અને ગરાસ મુળ હક્કદારને પાછો આપવો પડશે.

(૨) કોઈપણ ગામે પરગામી સીમનું અગર પોતાની સીમનું ગરાસ રીસાઈ ગયેલ હોય તો તેનું કામકાજ બીજાએ કરવું નહીં.

● **ઠરાવ નં. (૨૬) કારોબારી કમિટી.**

આ બંધારણનો અમલ આજ તા. ૪-૧૨-૨૦૧૧ થી થાય છે. તેનું પાલન કરવા અને કરાવવા શ્રી દોતોરસો રોહિત (ચમાર) પરગણા મંડળની સ્થાપના કરવામાં આવે છે. અને તેમાંથી કારોબારી કમિટી રચવામાં આવશે. કારોબારી કમિટીને બંધારણનો અમલ કરવા / કરાવવા તથા ગુનાની શિક્ષા કરવાના અધિકારો પરગણાવતીથી આપવામાં આવે છે.

● **ઠરાવ નં. (૨૭) ઠરાવનો ભંગ કરનારને શિક્ષા કરવા બાબત.**

જે ગામોમાં ગુનો બને તે ગામના જનરલ કમિટીના ભાઈઓએ કારોબારીના સભ્યને વહેલી તકે લેખીત જાણ કરવી, અને જાણ મળેથી પ્રમુખ / મંત્રીશ્રીની સંમતિથી તારીખ નક્કી કરી મંત્રીશ્રીએ કારોબારીના સભ્યોને ગુનાના સ્થળે બોલાવવા લેખીત જાણ કરવી, અને તેજ તારીખે કારોબારીના સભ્યોએ ગુનાવાળા ગામે સાંજે સુધીમાં પહોચી જવું.

## ● ઠરાવ નં. (૨૮) કમિટીની મીટીંગ મળવા બાબત.

જ્યારે કારોબારી કમિટીની મીટીંગ બોલાવવામાં આવે ત્યારે જે તે ગામના કારોબારીના સભ્ય સિવાય કોઈ વધુ વ્યક્તિ જઈ શકશે નહીં. તથા કારોબારીના સભ્યો સિવાય બીજી વ્યક્તિ મોકલી શકાશે નહીં. સભ્ય સિવાયના જો કોઈ વ્યક્તિ આવશે તો તેનો શિક્ષાત્મક દંડ રૂા. ૧૧/- કમિટીને તેજ સમયે આપવાનો રહેશે.

જે ગામમાં ગુનો બને તે ગામના જનરલ કમિટીના સભ્યો કે ગામના કારોબારીના સભ્યો ગુનાની જાણ સમયસર દિન-૧૦ માં ન કરે તો તે ગુનો છુપાવવાનો પ્રયત્ન કરેલો ગણાશે અને તે કોઈપણ ગુના બાબત છ-માસ પછી આવેલી અરજી પર ધ્યાન આપવામાં આવશે નહીં.

ગુનેગાર ઈસમ કારોબારીને દાદ ન દે અને ઉધ્ધતાઈથી વર્તે તો કારોબારી જનરલ સભા બોલાવવા ઠરાવ કરી મંત્રીશ્રીએ જનરલ કમિટિના સભ્યોને પત્રો લખવા અને આ અંગે જનરલ કમિટી પોતાને યોગ્ય લાગે તે ન્યાય કરશે આ અંગેના તમામ ખર્ચની જવાબદારી ગુનેગારના શીરે રહેશે.

બંધારણ ઘડવા માટે પ્રવર્તમાન મોંઘવારીમાં વધુમાં વધુ ખર્ચ થાય છે. જેથી ભવિષ્યમાં બંધારણ સંબંધી જે કઈ વિચાર કરવાનો થાય તે ખેરાલુ સમાજવાડીના મકાનમાં ભેગા થઈ કરવો. કોઈ ગામે માંડવો બાંધી બંધારણ સબંધી ચર્ચા વિચારણા કરી ઠરાવ કરવો નહીં કે તેનો સ્વીકાર પણ કરવો નહીં.